**રાજયના ઓવર એક્ષપ્લોઈટેડ અને ડાર્ક કેટેગરીવાળા**
**વિસ્તારમાં ભૂગર્ભજળ ખેંચાણ પર નિયંત્રણ મુકવા બાબત.**

ગુજરાત સરકાર,
**નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ,**
**ઠરાવ ક્રમાંક - જીડબલ્યુઆર-૨૦૦૩-૧૪- જ.૧**
**તારીખ : ૧૬/૧૨/૨૦૦૩**
**સચિવાલય, ગાંધીનગર.**

**પ્ર સ્તા વ ના**

રાજયના ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર તથા કચ્છ વિસ્તારોમાં અનિયમિત વરસાદને કારણે તેમજ અપુરતી ભૂતળ પરની જળરાશીના કારણે ખેતી, ઉદ્યોગ તથા પીવાના પાણી માટે ભૂગર્ભ જળનો મુખ્ય સ્રોત તરીકે ઉપયોગ કરવામાં આવે છે. આમ, આ વિસ્તારોમાં ભૂગર્ભજળ રિચાર્જ કરતાં ભૂગર્ભજળનું ખેંચાણ વધારે થવાથી ભૂગર્ભ જળની સપાટી ઝડપથી સતત ઊંડી જઈ રહી છે તેમજ ભૂગર્ભજળની ગુણવત્તા પણ બગડતી જાય છે. આ ઉપરાંત, સમુદ્ર અને કચ્છના રણકાંઠાના વિસ્તારોમાં ભૂગર્ભજળમાં સમુદ્રનું ખારૂં પાણી ભેગું થતાં આ વિસ્તારો વેરાન અને ખારાશવાળા થઈ ગયા છે.

કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા પ્રમાણે સૌ પ્રથમ વર્ષ ૧૯૮૪માં ભૂગર્ભજળ સંપત્તિના અંદાજની ગણતરી કરવા માટે સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ વિભાગના અધ્યક્ષસ્થાને સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિએ આપેલ અહેવાલ મુજબ ભૂગર્ભજળ રિચાર્જના પ્રમાણમાં ભૂગર્ભજળનું ખેંચાણની દ્રષ્ટિએ ૫ તાલુકાઓ ઓવરએક્ષપ્લોઈટેડ કેટેગરીમાં, ૧ તાલુકો ડાર્ક કેટેગરીમાં અને ૨ તાલુકાઓ ખારાશયુક્ત ભૂગર્ભજળવાળા મળી કુલ ૮ તાલુકાઓ હતા. ત્યારપછી વર્ષ ૧૯૯૧માં સમિતિએ આપેલ અહેવાલ મુજબ ભૂગર્ભજળનું ખેંચાણ વધતાં ૨૪ તાલુકાઓ ઓવરએક્ષપ્લોઈટેડ કેટેગરીમાં, ૧૦ તાલુકાઓ ડાર્ક કેટેગરીમાં તેમજ ખારાશયુક્ત ભૂગર્ભજળવાળા ૨ તાલુકાઓ મળી કુલ ૩૬ તાલુકાઓ હતા.

વર્ષ ૧૯૯૬માં સરકારશ્રી દ્વારા સચિવશ્રી (જળસંપત્તિ)ના અધ્યક્ષસ્થાને નિમવામાં આવેલ સમિતિએ વર્ષ ૧૯૯૭માં આપેલ અહેવાલ પ્રમાણે ૩૧ તાલુકાઓ ઓવરએક્ષપ્લોઈટેડ કેટેગરીમાં ૮ તાલુકાઓ ડાર્ક કેટેગરીમાં તેમજ ખારાશયુક્ત ભૂગર્ભજળવાળા ૭ તાલુકાઓ મળી કુલ ૪૬ તાલુકાઓ હતા. હાલમાં ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિ.ના અભ્યાસ પ્રમાણે ૪૦ તાલુકાઓ ઓવરએક્ષપ્લોઈટેડ કેટેગરીમાં, ૧૦ તાલુકાઓ ડાર્ક કેટેગરીમાં તેમજ ખારાશયુક્ત ભૂગર્ભજળવાળા ૭ તાલુકાઓ મળી કુલ ૫૭ તાલુકાઓ છે.

આમ, રાજયમાં ઓવરએક્ષપ્લોઈટેડ કેટેગરી, ડાર્ક કેટેગરી અને ખારાશયુકત ભૂગર્ભજળવાળા તાલુકાઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. આવા સંજોગોમાં નામદાર સુપ્રિમ કોર્ટની અને કેન્દ્રીય ભૂગર્ભજળ સત્તા મંડળ દ્વારા બહાર પાડવામાં આવેલ સૂચનાઓને ધ્યાનમાં લઈ રાજયમાં ઓવરએક્ષપ્લોઈટેડ કેટેગરી, ડાર્ક કેટેગરી અને ખારાશયુકત ભૂગર્ભજળવાળા તાલુકાઓમાં વધુ ભૂગર્ભજળ વિકાસ અંગે શું કાર્યવાહી કરવી તે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠ રા વ

વિસ્તૃત વિચારણાને અંતે રાજયના ઓવરએક્ષપ્લોઈટેડ કેટેગરી, ડાર્ક કેટેગરી અને ખારાશયુકત ભૂગર્ભજળવાળા તાલુકાઓમાં તારીખ ૦૧-૦૧-૨૦૦૪થી અમલમાં આવે તે માટે નીચે દર્શાવ્યા પ્રમાણે કામગીરી કરવાનું ઠરાવવામાં આવે છે.

રાજયમાં હાલ ઓવરએક્ષપ્લોઈટેડ કેટેગરી, ડાર્ક કેટેગરી અને ખારાશયુકત ભૂગર્ભજળવાળા તાલુકાઓની યાદી નીચે દર્શાવ્યા પ્રમાણે છે:

| ઓવર એક્ષપ્લોઈટેડ કેટેગરીમાં પડતા તાલુકાઓની યાદી | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો | જિલ્લો | ક્રમ | તાલુકો | જિલ્લો | ક્રમ | તાલુકો | જિલ્લો |
| ૧ | મહેસાણા | મહેસાણા | ૧૫ | દિયોદર | બનાસકાંઠા | ૨૯ | માણાવદર | જુનાગઢ |
| ૨ | કડી | મહેસાણા | ૧૬ | ભાભર | બનાસકાંઠા | ૩૦ | વડોદરા | વડોદરા |
| ૩ | ખેરાલુ | મહેસાણા | ૧૭ | બીલડી | બનાસકાંઠા | ૩૧ | આમોદ | ભરૂચ |
| ૪ | વિસનગર | મહેસાણા | ૧૮ | પાંથાવાડા | બનાસકાંઠા | ૩૨ | જંબુસર | ભરૂચ |
| ૫ | વિજાપુર | મહેસાણા | ૧૯ | કાંકરેજ | બનાસકાંઠા | ૩૩ | અંકલેશ્વર | ભરૂચ |
| ૬ | સતલાસણા | મહેસાણા | ૨૦ | ગાંધીનગર | ગાંધીનગર | ૩૪ | કપડવંજ | ખેડા |
| ૭ | ઉંઝા | મહેસાણા | ૨૧ | કલોલ | ગાંધીનગર | ૩૫ | કઠલાલ | ખેડા |
| ૮ | બેચરાજી | મહેસાણા | ૨૨ | માણસા | ગાંધીનગર | ૩૬ | મહેમદાવાદ | ખેડા |
| ૯ | ચાણસ્મા | પાટણ | ૨૩ | દહેગામ | ગાંધીનગર | ૩૭ | અંજાર | કચ્છ |
| ૧૦ | પાટણ | પાટણ | ૨૪ | ઈડર | સાબરકાંઠા | ૩૮ | માંડવી | કચ્છ |
| ૧૧ | સિધ્ધપુર | પાટણ | ૨૫ | સીટી-દસ્ક્રોઈ | અમદાવાદ | ૩૯ | ભચાઉ | કચ્છ |
| ૧૨ | વાગડોદ | પાટણ | ૨૬ | સાણંદ | અમદાવાદ | ૪૦ | રાપર | કચ્છ |
| ૧૩ | થરાદ | બનાસકાંઠા | ૨૭ | કોડીનાર | જુનાગઢ | | | |
| ૧૪ | વડગામ | બનાસકાંઠા | ૨૮ | વંથલી | જુનાગઢ | | | |

| ડાર્ક કેટેગરીમાં પડતા તાલુકાઓની યાદી | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો | જિલ્લો | ક્રમ | તાલુકો | જિલ્લો | ક્રમ | તાલુકો | જિલ્લો |
| ૧ | પાલનપુર | બનાસકાંઠા | ૫ | ડીસા | બનાસકાંઠા | ૯ | પોરબંદર | પોરબંદર |
| ૨ | અમીરગઢ | બનાસકાંઠા | ૬ | મેઘરજ | સાબરકાંઠા | ૧૦ | માંગરોળ | જુનાગઢ |
| ૩ | દાંતીવાડા | બનાસકાંઠા | ૭ | મોડાસા | સાબરકાંઠા | | | |
| ૪ | ધાનેરા | બનાસકાંઠા | ૮ | ધોળકા | અમદાવાદ | | | |

| ખારાશયુકત ભૂગર્ભજળવાળા તાલુકાઓની યાદી | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો | જિલ્લો | ક્રમ | તાલુકો | જિલ્લો | ક્રમ | તાલુકો | જિલ્લો |
| ૧ | વાવ | બનાસકાંઠા | ૪ | સમી | પાટણ | ૭ | લખતર | સુરેન્દ્રનગર |
| ૨ | સાંતલપુર | પાટણ | ૫ | હારીજ | પાટણ | | | |
| ૩ | રાધનપુર | પાટણ | ૬ | માળીયા | રાજકોટ | | | |

(૧) ઉપર દર્શાવેલ ૪૦ ઓવરએક્ષપ્લોઈટેડ, ૧૦ ડાર્ક અને ૭ ખારાશયુક્ત ભૂગર્ભજળવાળા તાલુકાઓમાં ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ દ્વારા તારીખ ૦૧-૦૧-૨૦૦૪થી સિંચાઈ માટેના એક પણ નવા પાતાળકૂવાના શારકામની કે નિગમ હસ્તકના કે મહેસાણા/પાટણ/ગાંધીનગર જિલ્લા પંચાયત હસ્તકના બંધ પડેલ પાતાળકૂવાઓના પુનઃશારકામની કામગીરી કરવાની રહેશે નહીં.

(૨) માજી ઉર્જામંત્રીશ્રી દ્વારા તારીખ ૧૬-૧૨-૧૯૯૭ના પત્રથી ગુજરાત વિદ્યુત બોર્ડને અપાયેલ સૂચના અનુસાર ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમના ના-વાંધા પ્રમાણપત્ર વગર નવા કૂવા/પાતાળકૂવા ઉપર વિજ-જોડાણ આપવાનું જણાવેલ, તે સૂચના રદ કરવામાં આવે છે અને હવેથી ઉપર જણાવેલ બધા જ ૪૦ ઓવરએક્ષપ્લોઈટેડ, ૧૦ ડાર્ક અને ૭ ખારાશવાળા તાલુકાઓમાં તારીખ ૦૧-૦૧-૨૦૦૪થી સિંચાઈ માટે કરવામાં આવતા ખાનગી પાતાળકૂવાઓમાં કોઈ પણ યોજનાઓ (તત્કાલ કે અન્ય યોજનાઓ) હેઠળ ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા ગુજરાત ભૂગર્ભજળ સત્તા મંડળની પૂર્વમંજૂરી સિવાય વિજ-જોડાણ આપવાનું રહેશે નહીં. ગુજરાત ભૂગર્ભજળ સત્તા મંડળનું સરનામું નીચે પ્રમાણે છે:

ડૉ. વી.એમ.યાજ્ઞિક,<br>
સભ્યસચિવશ્રી,<br>
ગુજરાત ભૂગર્ભજળ સત્તા મંડળ,<br>
કેર ઓફ ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લિ.,<br>
સેક્ટર નંબર ૧૦-એ,<br>
ગાંધીનગર-૩૮૨ ૦<br>
(ફોન નંબર - ૩૨૨૧૪૯૯, ૩૨૩૫૦૪૫)

(૩) રાજયના ઉપરોક્ત ૪૦ ઓવરએક્ષપ્લોઈટેડ, ૧૦ ડાર્ક અને ૭ ખારાશયુક્ત તાલુકાઓમાં કોઈપણ ખેડૂત કે ખેડુત જુથ/સમુહ દ્વારા સિંચાઈ માટેના કૂવા/પાતાળકૂવાની કામગીરી હાથ ધરતા પહેલાં ગુજરાત ભૂગર્ભજળ સત્તા મંડળની તાંત્રિક રીતે પાતાળકૂવા / કૂવા થઈ શકશે કે નહીં તેની ચકાસણી કરાવી લેવી ઈચ્છનીય છે, જેથી તેમણે પાતાળકૂવા / કૂવા માટે કરેલ ખર્ચ વ્યર્થ જાય નહીં.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

ઉપ સચિવ<br>
નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ

પ્રતિ,

- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

- માનનીય મંત્રીશ્રી (સિંચાઈ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય રાજ્યકક્ષાના ઉર્જામંત્રીશ્રીના અંગત સચિવશ્રી,
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (જળ સંપત્તિ), નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પાણી પુરવઠા), નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત વિદ્યુત બોર્ડ, વડોદરા
- સર્વે અધિક સચિવ અને મુખ્ય ઈજનેરશ્રીઓ, નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સભ્યસચિવશ્રી, ગુજરાત ભૂગર્ભજળ સત્તા મંડળ અને વહીવટી સંચાલકશ્રી, ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લી.ગાંધીનગર.
- દરેક જિલ્લાના કલેકટરશ્રી / વિસ્તાર વિકાસ અધિકારીશ્રીઓ
- દરેક તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ અને ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના માન્ય પાતાળકૂવા શારકામ કરનાર કોન્ટ્રાકટરશ્રીઓ